# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# માસ છે ત્યાં નહીં પણ કલાસ છે ત્યાં જવા પ્રયાસ કરો

## ચેમ્બરમાં કેરીયર ગાઇડન્સ મહોત્સવનો શુભારંભ : પ્રથમ દિવસે ધો. ૧૦ અને ધો. ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને શ્રી જયેશ બ્રહ્મભટ્ટે માર્ગદર્શન આપ્યુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓને કયા ક્ષેત્રમાં કારકિર્દી ઘડવી અને કઈ ફિલ્ડમાં ભણતર આગળ ધપાવવું તેવી મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારથી 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે પત્રકાર અને શિક્ષણ સર્વદા મેગેઝીનના સંપાદક શ્રી જયેશ બ્રહ્મભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખશ્રી હેતલ મહેતાએ કેરીયર ગાઇડન્સ મહોત્સવમાં સર્વેને આવકાર્યા હતા અને દીપ પ્રાગટયવિધી સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રમુખશ્રીએ પ્રારંભીક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે જનરલ ડીગ્રીની સાથે સ્પેશ્યલાઇઝેશન કરો. માર્ગદર્શન થકી જ કારકિર્દી ઘડતરની યોગ્ય દિશામાં આગળ વધી શકાય છે. આથી ચેમ્બર દ્વારા દર વર્ષે કેરીયર ગાઇડન્સ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

નિષ્ણાત વકતા તરીકે શ્રી જયેશ બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે, તમે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ હોવાથી તમને બહાદુરીપૂર્ણ નિર્ણય કરવો પડશે. ગેરમાન્યતાથી દૂર રહો અને પોતાની જાત ઉપર વિશ્વાસ રાખીને તમને જે ફિલ્ડમાં રૂચી હોય તેમાં કેરીયર બનાવવા માટે આગળ વધો. તેમણે અનુભવ, ટેલેન્ટ અને સ્ટડી જેવી બાબતો સમજાવી ગ્લોબલ કેરીયર વિશે માહિતી આપી હતી. તેમણે જીએસટી / ટેક્ષેશન,

ઈન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ, ઇકોનોમિસ્ટ/એચઆરડી, સી.એ./સી.એસ./સી.એમ.એ. સર્ટિફિકેશન્સ, લેન્ગ્વેજીસ, ઇ–કોમર્સ/સોશિયલ મીડિયા માર્કેટીંગ, ફોરેન ટ્રેડ અને ઇન્ફ્રાસ્ટ્રકચર મેનેજમેન્ટ વિશે માહિતી આપી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જીએસટી સ્પેશ્યલાઇઝેશન કોર્સ શરૂ કરવામાં આવી રહયો છે તે વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને માસ છે ત્યાં નહી પણ કલાસ છે તે દિશામાં કેરીયર બનાવવા માટે મહેનત કરવાની સલાહ આપી હતી.

ગ્રાસરૂટ ઉપરનો અભ્યાસ કરીને દેશના કયા ખૂણે કયા સેકટરમાં રૂપિયા ઇન્વેસ્ટ કરી શકાય તે વિશે માહિતી આપી શકનાર એકચ્યુરીઝ વિશે સમજણ આપી હતી. બિઝનેસ મેનેજમેન્ટના અને આઇઆઇએમ – આઇપીએમ કોર્સ વિશે માહિતી આપી હતી. અકાઉન્ટીંગ, ટેકનોલોજી, લો સ્ટ્રીમ, ડિઝાઇનીંગ, મેનેજમેન્ટ અને પરફોર્મિંગ આર્ટ્સ વિશે પણ સમજણ આપી હતી. તેમણે ઇન્ટીગ્રેટેડ કોર્સ, જેમોલોજીસ્ટ કોર્સ અને જનરલ ઓપ્શન્સ વિશે માહિતી આપી હતી.

આ સેમિનારમાં એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી ધીરેન થરનારી તથા મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસી અને શ્રી જગદીશ ટેકરાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.